
# સાચા બોલો છોકરો



રામ તેનાં માતા-પિતાનો લાડકો દીકરો હતો. તેના માતા-પિતાએ બાળપણમાં તેને સાચું બોલવાનું શિક્ષણ આપ્યું હતું. તે ક્યારેય જૂઠું બોલતો ન હતો પરંતુ તેનું આ સુખી જીવન લાંબુ ટકી શક્યું નહિ. અચાનક તેના પિતાજીનું મૃત્યુ થયું. તેના મા ખૂબ જ દુ:ખી થઈ ગઈ. ઘરમાં હવે ગરીબાઈ જોવા મળતી. ખાવાનાં પણ સાંસા પડી ગયાં. કેટલાક દિવસો સુધી સળંગ ભોજન ન મળવાને કારણે રામેની માતાએ પોતાના ભાઈના ત્યાં રહેવા જવાનું નક્કી કર્યું. તે રામને લઈને પોતાના ભાઈને ત્યાં રહેવા ચાલી ગઈ.

રામના મામા બિલકુલ અભણ અને મૂર્ખ હતા. તે ખૂબ જ જુઠ્ઠા અને ચાલાક પણ હતા. તે જાત જાતની ચાલબાજીઓ અને છેતરપિંડીથી પોતાનું કામ પાર પાડતા હતા. તેમણે રામને પણ જૂઠ અને છેતરપિંડીના રસ્તે લઈ જવાનું વિચાર્યું.

રામ અને તેની માતા કોઈપણ પ્રકારના આવા ખરાબ રસ્તે ચાલવા તૈયાર ન હતાં. રામ જૂઠું બોલવા માટે ચોખ્ખી ના પાડે દેતો. તેના કારણે તેના મામા તેને અવારનવાર મારઝૂડ કરતા. રામ માના ખોળામાં મોં સંતાડી રડતો રહેતો. દુ:ખી મા તેનાં આંસુ લૂછતાં લૂછતાં રડી પડતી.

તે દિવસોમાં પેશવા રાજાઓ વિદ્વાનો, પંડિતો અને જ્ઞાનીઓ તેમજ વિદ્યાર્થીઓને ખૂબ માન આપતા. જો કોઈ વિદ્વાન તેમના દરબાર જતો તો ક્યારેય ખાલી હાથે પાછો નહતો આવતો.

એક વખત રામના મામાએ છળકપટવાળી એક યોજના બનાવી. તેમણે પોતે તો વિદ્વાનો જેવો વેશ ધારણ કર્યો અને રામને કહ્યું, "તું પણ પોતે વિદ્યાર્થી છે એમ કહેજે. તેનાથી પેશવા પાસેથી આપણને ખૂબજ સારી એવી દક્ષિણા મળશે."

નાના રામે ડરતાં ડરતાં કહ્યું, "મામા મને વાંચતા પણ નથી આવડતું. જો પેશવાએ મને કંઈ પૂછ્યું તો હું તેનો શો જવાબ આપીશ ?"

મામાએ છણકો કરીને કહ્યું, "ચાલ, ચાલ, જો કોઈ પૂછે તો કહી દે જે કે હું વિદ્યાર્થી છું."

રામને ઘણું જ દુ:ખ થયું. તે તો જૂઠું બોલવા કરતાં મરવું વધારે પસંદ કરતો હતો. પરંતુ મામાની બીકથી તેણે મામા સાથે જવું પડ્યું.

મામા તો પંડિતોની લાઈનમાં ઊભા રહી ગયા. કમનસીબે તેમની પોલ ખૂલી ગઈ અને બધા સમજી ગયા કે આ તો અભણ અને મૂર્ખ છે. તેમનું અપમાન થયું છતાં બ્રાહ્મણ હોવાથી તેમને દક્ષિણા તો મળી ગઈ.

બીજી બાજુ રામના મનમાં સંઘર્ષ ચાલતો હતો કે જુઠું બોલીને દક્ષિણા લેવી યોગ્ય નથી. તે જાણતો હતો કે જો તે સાચું બોલી જશે તો તેના મામા તેને ખૂબ જ મારશે. પરંતુ તે સત્ય માટે ગમે તેવું દુ:ખ પણ વેઠવા તૈયાર હતો.

જ્યારે તેનો વારો આવ્યો અને તેને દક્ષિણા અપાતી હતી ત્યારે એણે સ્પષ્ટ કહી દીધું કે પોતે વિદ્યાર્થી નથી; અને પોતાને કંઈક પણ વાચતાં-લખતાં નથી આવડતું. તેથી તે દક્ષિણા નહીં લઈ શકે.

બાળક રામની સત્યવાદિતા પર આખો દરબાર ચકિત થઈ ગયો. ઘેર આવીને મામાએ પોતાના થયેલા અપમાનનો બદલો લીધો. તેમણે રામ અને તેની માતાને ખૂબ જ માર્યાં અને ઘર બહાર કાઢી મૂક્યાં.

રામની માએ ખૂબ જ દુ:ખ વેઠીને, મહેનત-મજૂરી કરીને પોતાના પુત્રને મોટો કર્યો. આગળ જતાં આ જ બાળક મરાઠીમાં પ્રકાંડ પંડિત રામશાસ્ત્રીના નામથી પ્રખ્યાત થયો.

અનુવાદ : અનંત શુકલ